# ગુજરાત યુનિ.વધુ ૨૦ હજાર ઉમેદવારની CCCની પરીક્ષા લેશે

અમદાવાદ,સોમવાર

ગુજરાત યુનિવર્સિટી દ્વારા અગાઉ બે તબકકામાં ટ્રીપલ સીની પરીક્ષા લેવાયા બાદ હવે ત્રીજા તબક્કામાં વધુ ૨૦ હજાર ઉમેદવારોની પરીક્ષા લેવામા આવનાર છે.જે માટે આવતીકાલે ૧૧મીથી ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ થશે.

## બે તબક્કામાં પરીક્ષાઓ બાદ આ ત્રીજા તબક્કામાં આજથી ઓનલાઈન રજિસ્ટ્રેશન શરૂ કરાશે

સરકારે ઉચ્ચતર પગારધોરણ અને બઢતી માટે ૨૦૦૬થી સરકારી કર્મચારી માટે ટ્રીપલ સીની પરીક્ષા ફરજીયા કર્યા બાદ હજુ પણ રાજ્યમાં હજારો ઉમેદવારો ટ્રીપલ સી પાસ કર્યા વગરના છે ત્યારે સરકારે ગત વર્ષે ગુજરાત યુનિ.સહિતની રાજ્યની કેટલીક સરકારી યુનિ.ઓને બેકલોગ પુરો કરવાનો ઓર્ડર કર્યો હતો.જેમાં અગાઉ યુનિ.એ પ્રથમ તબક્કામાં ૧૧ હજાર ત્યારબાદ બીજા તબકકામાં ૧૦ હજાર ઉમેદવારોની પરીક્ષા લીધી હતી.હવે ત્રીજા તબક્કાની પરીક્ષા શરૂ થનાર છે.જેમાં યુનિ. વધુ ૨૦ હજાર ઉમેદવારોની પરીક્ષા લેશે. આ માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન થશે.ઉમેદવારો આવતીકાલે ૧૧મીએ સાંજે વાગ્યાથી યુનિ.ની વેબસાઈટ પર જઈને ઓનલાઈન ફોર્મ ભરી તથા નિયત ફી ભરીને રજિસ્ટ્રેશન કરી શકશે.ઓનલાઈન નોંધણી કરનાર ઉમેદવોરની જ તેમના નોંધણી ક્રમ પ્રમાણે પરીક્ષા લેવાશે.

**PRESS NOTE PUBLISHED BY – GUJARAT SAMACHAR, DATE:11/04/2017, PAGE NO. 4**